Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જિનમતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૮ મું. શક ૧૮૧૪ માગશર શુદિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૯ મો.

## आ संसार असार.

દોહરા.

નીરોગી કાયાનકાં, કલેશી કુલટા નાર;
જાયા માયા સુત નહિં, આ સંસાર અસાર. ૧
જરજોરૂ ઘર સાંપડે, હોય પુત્ર નાદાર;
સુખ મળે નહિં સ્વપ્નમાં, આ સંસાર અસાર. ૨
રિદ્ધિ સિદ્ધિ મેળવી, પુત્ર ન તે દુઃખકાર;
સુખ સઘળું ક્યાંથી મળે, આ સંસાર અસાર. ૩
દરિદ્રીને બહુ સંતતી, તે પણ અતિ દુઃખકાર;
સંપ હોય નહિં સ્વજનમાં, આ સંસાર અસાર. ૪
કુળ અંપાગુ સંતતી થયે, ચીંતાનો નહિં પાર;
ઝુરી ઝુરીને મરે, આ સંસાર અસાર. ૫
તરૂ નવ પલ્લવ પર મળે, પક્ષી વિવિધ પ્રકાર;
દવ બળતો દેખી ખસે, આ સંસાર અસાર. ૬
તેમ સ્વજન હેજે મળે, ચડતીમાં ખાનાર;
પડતીમાં પલાયન કરે, આ સંસાર અસાર. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપ કરીને મેળવ્યું, ખાઈ જશે ખાનાર;
માથે પડશે તાહરે, આ સંસાર અસાર. ૮
પરભવ જાતાં જીવને, કોઇ ન આવે લાર;
મમત્વ કરો નહિં માનવી, આ સંસાર અસાર. ૯
યોગ્ય સામગ્રી સો મળી, ધર્મ કરો સુખકાર;
નહિંતો પસ્તાવો થશે, આ સંસાર અસાર. ૧૦
દેવગુરૂને ધર્મને, ઓળખજો આ વાર;
ત્રણ તત્વ સાધો સુખે, આ સંસાર અસાર. ૧૧
સ્વજન સબંધી સ્વારથી, ધર્મ સખાયી ધાર;
આ ભવ પરભવ જીવને, આ સંસાર અસાર. ૧૨
ચોદશ દવ લાગી રહ્યો, નીકળશે જો સાર;
આગળ કામે લાગશે, આ સંસાર અસાર. ૧૩
દવ બળતો દેખી કરી, ગભરાવું નહિં યાર;
સાર વસ્તુ સંભાળવી, આ સંસાર અસાર. ૧૪
આત્મ વીર્ય ઉલ્લાસથી, કમર કસો હુસ્યાર;
ઝવેર અવસર ચૂકશો, આ સંસાર અસાર. ૧૫

# मद्यपान निषेधक.

## નારાચ છંદ.

છકેલ છેક થૈ ફરે ભમેલ ભુત બાપડો;
જરૂર ધર્મ ભ્રષ્ટ થાય ઓજ જાય આપણો.
છકેજ છેક મુઢ મુખ દુઃખ એ વિચારીને;
કરો ન મધપાન માનવી મતિ સુધારીને. ૧
વિરૂદ્ધ વસ્તુ ચિત્ત ચક્ર જેમ વક્ર થૈ ભમે;
કરો ન કેફ ફેલમાં ફરો ન માનવી તમે.
કરે કુબુદ્ધિ મધપાન લાજને વીસારીને;
કરો ન મધપાન માનવી મતિ સુધારીને. ૨
અચેત થાય આતમા વિવેકતો રહે નહીં;
અશુદ્ધ થાય આપ કાય પાપ પંકમાં પડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુકર્મ જાણી છોડવું અધર્મ ઉર ધારીને;
કરો ન મધપાન માનવી મતિ સુધારીને. ૩
જણાય ભૂત જેમ જેમ તેમ મુખથી વદે;
અશુદ્ધ માર્ગ આથડે અશુદ્ધ વસ્તુમાં પડે.
ફજેત થાય દામ જાય થાય છે ખુવારીને;
કરો ન મધપાન માનવી મતિ સુધારીને. ૪
હણાય બુદ્ધીને છણાય વાત વાટ ઘાટમાં;
ન સુખતો મળે જરા રહે સદા ઉચાટમાં
વપુ સુકાય દેહમાં અનેક રોગ કારી તે;
કરો ન મધપાન માનવી મતિ સુધારીને. ૫
કુસંગ રંગ અંગમાં પીશાચ પાપ પેસશે;
કુસંગ તેથી સંગ તેહવોજ રંગ બેસશે.
કરે કુસંગ ભંગ રંગમાં વિનાશ કારી તે;
કરો ન મધપાન માનવી મતિ સુધારીને. ૬
છતે મનુષ્ય મુખથી બકેજ જેમ બોકડો;
પશુ સમાન મુર્ખ ઠામ ઠામ ખાય ઠોકરો.
કનીષ્ટ કેફી ચીજ છે અનીષ્ટ કષ્ટ કારી તે;
કરો ન મધપાન માનવી મતિ સુધારીને. ૭
ભુલાય ભાન ખાન પાનનું શરીરનું તથા;
અમુલ્ય જ્ઞાનતો તણાય જાય ગુણ સર્વથા.
કરો બચાવ આપ એથી આતમા ઉદ્ધારીને;
કરો ન મધપાન માનવી મતિ સુધારીને. ૮
યદુ કુમાર શાંબને પ્રદ્યુમ્ન મધપાનથી;
મદાંધ થૈ તપસ્વી ને પીડા કરી વપુ અતી.
મરી તપસ્વી દેવતા થયો જુઓ વિચારીને;
કરો ન મધપાન માનવી મતિ સુધારીને. ૯
વિચારી શત્રુતા દ્વિપાયને દુવારકા દહી;
વિનાશ યાદવો તણો થયો અકાર્યથી સહી.
ખરાબ સપ્ત વ્યસન તેહમાંનું એક ધારીને;
કરો ન મધપાન માનવી મતિ સુધારીને. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભક્ષ જૈનધર્મમાં મહાવીરે[1] કહેલ છે;
વિશેષ પાપકારી વસ્તુ તેહમાં મળેલ છે.
નિષેધછે કરેલ શાસ્ત્રમાં અપેય ધારીને;
કરો ન મદ્યપાન માનવી મતિ સુધારીને. ૧૧
સુધર્મ પ્રેમ પામવા અનેક સિદ્ધિ જેહથી;
કરો સુજ્ઞાન પાનને હરો અજ્ઞાન એહથી.
વિવેકથી ઝવેર વાત ઉરમાં ઉતારીને;
કરો ન મદ્યપાન માનવી મતિ સુધારીને. ૧૨

## બંધ અને મોક્ષ.

આ સંસારની સ્થિતિ ઘટીયંત્રની પેઠે અનાદિ કાળની ચાલી આવે છે તેનો સંબંધ પ્રચંડ વેગવાળા કાળની સાથે સંલગ્ન થયેલો છે. જેમ કોઈ બેલ વિગેરેથી ઘટીયંત્ર ફર્યા કરે છે તેમ કાળના શીઘ્રવેગ સાથે સંસાર ચક્ર ફર્યા કરે છે. તે સંસાર ચક્રનું સ્વરૂપ આદ્યંત જાણવાને ઇચ્છા ધરાવનાર ભવિ પ્રાણીએ પ્રથમ **'બંધ અને મોક્ષ'** એ બે શબ્દો કુશાગ્ર બુદ્ધિથી જાણવા જોઈએ છીએ. **'બંધ'** એ શબ્દનો અર્થ બંધાવું એવો થાય છે અને **'મોક્ષ'** એ શબ્દનો અર્થ છુટવું એવો થાય છે. જ્યારે એ બે શબ્દોનું યથાર્થ ભાન થયું એટલે તેમનું પોતાના દેહ અને આત્મા તરફ યોજન કરવું. જ્યારે આ દેહાત્મા કર્મને વશ થઇને સંસાર ચક્રમાં મોહથી ફસાઈ પડે છે ત્યારે તેને જ્યાં સુધી એ મોહ મદિરાનો નીસ્સો ઊતરતો નથી ત્યાં સુધી કર્માવળીના દુર્મોચ્ય પાશમાંથી મુક્ત થવાને તે અશક્ત હોવાથી સંસાર ચક્રમાંથી નીકળી શકતો નથી ને તેમાં બંધાઈ રહે છે તેનું નામજ બંધ કેહેવાય છે એ બંધમાં આવેલો પ્રાણી શોક મોહ સુખ દુઃખ અને દેહોત્પત્તિ પામ્યા કરે છે. ઇંદ્રિયોથી ઇંદ્રિયોના અર્થમાં અને ગુણોથી ગુણમાં પોતાના ચંચળ મનને ભમાવી તે દોરાઈ જાય છે તેમજ કર્માધીન શરીરને વિષે કર્મથી વર્તતો એ અબુધ પ્રાણી "આ મારૂં છે અને આ હું કરૂં છું" એવી મમતામાં બંધાઈ જાય છે. જેમ સ્વપ્નામાં માણસને જેવી સ્થિતિનું સ્વપ્નુ આવે તેવીજ સ્થિતિમાં પોતાના દેહને માને છે અને આ સ્વપ્ન છે એવું સત્યભાન

[1] વીતરાગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરા પણ થતું નથી તેમ તે પ્રાણીને મમતામાં ગાઢ મિથ્યાબંધન થાય છે તેથી આ અસત્ય છે એવું ખરૂં ભાન થતું નથી. એ પ્રમાણે રહેલો તે પ્રાણી સુવું બેસવું ફરવું જોવું અડકવું સુંઘવું જમવું અને સાંભળવું ઇત્યાદિ કર્મોમાં વજ્રલેપની જેમ લીન થઇ જાય છે. તે પ્રાણીને પ્રાણઇંદ્રિય મન અને બુદ્ધિની વૃત્તિઓમાં અનેક સંકલ્પ વિકલ્પો થયા કરે છે આથીજ પ્રાણી પોતે સ્વતઃ બંધનમાં આવી જાય છે. આ બંધનમાં લાવનાર મુખ્ય મન હોય છે. જેણે પોતાનું મન વશ કરેલું છે તે કોઇ રીતે બંધનમાં આવી શકતો નથી હરકોઇ વિષયમાં પ્રાણીને જે બંધન થાય છે તે ઘણું કરીને મન સાથે ઇંદ્રિયોના અર્થેમાંજ થાય છે માટે પોતાની ક્રિયાકારક ઇંદ્રિયોને પણ સાવધાનપણાથી વશ રાખવી જોઇએ. જેમ શ્રોત્ર ઇંદ્રિય કે જેનો વિષય શબ્દ છે તે શબ્દ મધુરતાથી ગાયનરૂપે સાંભળવામાં આવે છે ત્યારે પ્રાણી પોતાનું ભાન ભુલી જઇ તેમાં તલ્લીન થઇ જાય છે, ત્વચા ઇંદ્રિય કે જેનો વિષય સ્પર્શ છે તેનાં મોહક સુખમાં પ્રાણી બંધાઇ જાય છે, નેત્ર ઇંદ્રિય કે જેનો વિષયરૂપ છે તે કોઇ સુંદર સ્ત્રીનું સૌંદર્ય જોઇને મનો વૃત્તિ વિકારિક થઇ જાય છે, ઘ્રાણઇંદ્રિય કે જેનો વિષય ગંધ છે જેથી પ્રાણી કમળમાં ભમરાની જેમ પોતાની અતિ આસક્તિ તેમાં પ્રગટ કરે છે, જીહ્વા ઇંદ્રિય કે જેનો વિષયરસ છે જેથી પ્રાણી અભક્ષ્ય પદાર્થની ઉપર પણ વખતે પરવશ થઇ આશક્ત થઇ જાય છે—આ સર્વમાં જે તલ્લીનતા થાય છે તે પ્રાણીને અનંત સંસારને વધારનારો બંધજ છે એમ સમજવું. આ ઉપરથી એમ સિદ્ધાંત થાય છે કે આસક્તિ જેનું મૂળ છે એવા ભોગ સંબંધી તથા ભોગના 'સાધન ભૂત કર્મો સંબંધી' સંકલ્પોને તજનાર પ્રાણી જ્યારે ઇંદ્રિયોના વિષય, શબ્દ વિગેરેમાં અને તેના સાધનભૂત કર્મોમાં આસક્ત થતો નથી ત્યારે તે જ્ઞાનને—અને બંધથી મુક્ત થવાને યોગ્ય છે. જેણે મન બુદ્ધિ પ્રાણ ઇંદ્રિય વિગેરેના સમુદાયરૂપ શરીરને વશ રાખેલ છે તેનો એ સમુદાય બંધુરૂપ છે અને જેણે એને વશ કરેલ નથી તેને તે સમુદાય શત્રુરૂપ અને બંધકારક છે. જેણે મનનો જય કરેલો છે તથા જેના રાગાદિ દોષ નાશ પામ્યા છે તેનો દેહાત્મા ટાઢ, તડકો, સુખ તથા દુઃખને વિષે તથા માન અને અપમાનને વખતે પોતાના કેવળ સ્વરૂપ વિષેજ રહે છે તેથી તેને કોઇ જાતનો બંધ થતો નથી. ઉપદેશવડે પ્રાપ્ત થયેલા પરોક્ષ જ્ઞાનથી તથા વિચારવડે થયેલા અપરોક્ષ અનુભવથી જેની મનોવૃત્તિ તૃપ્ત થયેલી છે, માટીનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેડું, પથ્થર અને સોનુ જેને સરખા છે એટલે જેને સુવર્ણમાં ગ્રાહ્ય બુદ્ધિ અને પથ્થરમાં ત્યાજ્ય બુદ્ધિ નથી તે પ્રાણી બંધનમાં આવતો નથી. પણ જો તેની બુદ્ધિ વસ્તુ વિશેષમાં પક્ષપાત વાળી થાય છે તો તે તરતજ બંધમાં આવી જાય છે. બંધમાં આવેલા પ્રાણીની બાળ યૌવન વૃદ્ધ એ ત્રણ અવસ્થા કેવળ બકરીના ગળાના સ્તનની પેઠે વ્યર્થ થાય છે. જન્મ્યા પછી મનુષ્ય જેવો ઊત્તમ ભવ મળ્યો તો પણ તેને અજ્ઞતાથી આચ્છાદન કરતો પ્રાણી વિવિધ જાતની બાલક્રીડાઓમાં બંધાઈ પોતાની બાલ્યાવસ્થા ફોગટ કાઢે છે; ત્યાર પછી ઇંદ્રિયોની શક્તિને વધારનારી યૌવનાવસ્થા આવી એટલે ધનમદ રૂપમદ કે બલમદ તેની ઊપર આરૂઢ થાય છે તેથી રમણીઓના વિરસવિલાસમાં તે સપડાઈ જાય છે અને તેવા વિકારિક કૃત્યોથી દુષ્ટ કર્મોની નિસરણી ઊપર તે ચડતો જાય છે તથા બંધાય છે; ત્યાર પછી ઈંદ્રિયોને શિથિલ કરનારી વૃદ્ધાવસ્થા આવે છે જેમાં ઈંદ્રિયોનું બળ ઓછું થાય છે તો પણ સ્ત્રી પુત્ર અને ધનના અભિલાષરૂપી અશ્વઉપરઆરૂઢ થયેલો પ્રાણી સંસારરૂપ અરણ્યમાં અટન કરે છે અને તેવા ગાઢ બંધમાંથી છુટી શકતો નથી. એ કેવી ખેદકારક વાત છે!

ઊપર કહેલા બંધમાંથી જે છુટવું તેનું નામ મોક્ષ કહેવાય છે એ મોક્ષ પામવાને ઇચ્છતો ભવિ પ્રાણી અનુક્રમે અષ્ટવિધ કર્મને ખપાવી સુકૃત શ્રેણીરૂપ નિસરણી ઊપર ચડતો વીતરાગ સ્થિતિમાં આવી જાય છે અને આર્હત સિદ્ધાંતના તત્વામૃતથી તૃપ્ત થઇ જ્યોતીરૂપ સિદ્ધશિલાના સુંદર સિંહાસનપર બીરાજમાન થઈ જાય છે, તેથી આ સંસાર ચક્રના જન્મ મરણરૂપ આરાના ગાઢ બંધમાંથી મુક્ત થાય છે અને તેનું આનંદમય સચ્ચિદાનંદ સ્ફુરે છે એજ સ્યાદ્વાદ અને સમ્યક્ત્વનું શુદ્ધ પરિણામ છે.

આ બંધ અને મોક્ષ એ સ્પષ્ટ રીતે સમજવાથી હૃદયનું ગાઢ અંધકાર દૂર થાય છે અને તેથી આ અનંત સંસારની સ્થિતિનો અવધિ તરત આવી જાય છે તેને માટે એક મહાત્માએ પોતાનાં સંયમી અને બાળ શિષ્યને બંધ મોક્ષનો બોધ કરવાને કેટલોએક ઊપયોગી ઊપદેશ આપેલો છે તે નીચે પ્રમાણેછે.

ગુરૂમહારાજ કેહે છે હે શિષ્ય! માણસને બંધ મોક્ષ પ્રથમ જાણવા જોઇએ તેમાં પણ જેણે પ્રવ્રજ્યા લીધી છે તેને તો વિશેષ જાણવાની જરૂર છે. તે અગાઊ પ્રથમ જગત્માં જે નિયમ શમ દમ સહનતા ધૃતિ દાન તપ ભાવ શૌર્ય સત્ય શૌચ ત્યાગ ધન ઇષ્ટ બળ ભાગ્ય લાભ વિદ્યા લજ્જા લક્ષ્મી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ દુઃખ પંડિત મૂર્ખ માર્ગ ઉન્માર્ગ સ્વર્ગ નરક બંધુ ગૃહ શ્રીમંત નિધન કૃપણ ઈશ્વર (સમર્થ) યજ્ઞ અને દક્ષિણા એ શું પદાર્થો છે તે વિવેક બુદ્ધિથી જાણવા જોઇએ. એ પદાર્થો જગતમાં પ્રસિદ્ધ છે પણ તે સંયમીને કેવી રીતે જાણવા તે તું વિસ્તારથી સાંભળ.

તેમાં પ્રથમ હિંસા કરવી નહી, મિથ્યા ભાષણ કરવું નહી, અદત્તાદાન લેવું નહી, કોઈપણ સ્ત્રીનો સંગ કરવો નહી, પરિગ્રહ રાખવો નહી, શ્રદ્ધા રાખવી, તીર્થાટન કરવું, તપ કરવું, સંતોષ રાખવો, અને દેવ ગુરૂની સેવા કરવી એનું નામ નિયમ કેહેવાય છે. બુદ્ધિને નિયમમાં રાખવી તે શમ કેહેવાય છે. ઇંદ્રિયોને કબજે રાખવી તે દમ કેહેવાય છે. દુઃખને સહન કરવું તેનું નામ સહનતા કેહેવાય છે. જિવ્હા અને ગુપ્ત ઇંદ્રિયોને જીતવી તે ધૃતિ કેહેવાય છે. કોઇની ઉપર ઇર્ષા ન કરતાં સત્ ઉપદેશ આપવો તે દાન કેહેવાય છે. કાયજોગનો ત્યાગ કરવો તે મુખ્ય તપ કહેવાય છે. ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા તેને ભાવ કહે છે. પોતાના સ્વભાવને જીતવો તેનું નામ શૌર્ય કેહેવાય છે. સર્વ પ્રાણી ઉપર દૃષ્ટિ રાખવી તે સત્ય કેહેવાય છે. મલિન કર્મમાં અનાશક્તિ રાખી શુદ્ધ -હૃદય રાખવું તેનું નામ શૌચ કેહેવાય છે. સર્વ પરિગ્રહ છોડી વર્તવું તેને ત્યાગ કેહે છે. પોતાનો ધર્મ રાખવો તે ધન સમજવું. નિર્દોષ અને વીતરાગ જેનું સ્વરૂપ હોય તે ઇષ્ટ સમજવું. શુદ્ધ ચારિત્રને પાળવું તે બળ સમજવું. મનુષ્ય ભવ પામી સારા ધર્મની પ્રાપ્તિ થાય તે ભાગ્ય કેહેવાય છે. દેવગુરૂની ભક્તિ થાય તે લાભ સમજવો. જેથી સત્યા સત્યનું ભાન થાય તે વિદ્યા કેહેવાય છે. નઠારા કર્મ કરવામાં જે ભીરૂતા તે લજ્જા કેહેવાય છે. નિઃસ્પૃહ પણે વર્તવું તે લક્ષ્મી કેહેવાય છે. દુઃખ સુખ માનવા નહી તે સુખ કેહેવાય છે. ભોગ સુખની ઇચ્છા રાખવી તે દુઃખ કેહેવાય છે. બંધ અને મોક્ષને જે જાણે છે તે પંડિત કેહેવાય છે. દેહ સ્ત્રી પુત્ર અને ગૃહમાં મમતા રાખે છે તે મૂર્ખ કેહેવાય છે. શુદ્ધ ભગવંત ભાષિત આગમ તે માર્ગ કેહેવાય છે. ચિત્ત ને વિક્ષેપ કરનારા અને જેમાં ઉત્સુત્ર પરૂપણા થાય છે તેવા આગમ ઉનમાર્ગ કેહેવાય છે. જે પોતાના ચિત્તમાં શમતા અને સત્વ ગુણનો ઉદય છે તે સ્વર્ગ સમજવું અને જે ચિત્તમાં ક્રોધાદિકનું કારણ તમોગુણ ઉદય પામે તે નરક કેહેવાય છે. સારા ઉપદેશને આપી સારે માર્ગે ચલાવનાર ગુરૂ છે તે બંધુ કેહેવાય છે. આ અનેક સાધનવાળું માનુષ્યભવનું શરીર ગળ્યું તે ગૃહ કેહેવાય છે. જેની પાસે ઉત્તમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણો, રહેલા છે તે શ્રીમંત કહેવાય છે જે અસંતોષી છે તે નિર્ધન કેહેવાય છે. જેણે ઈંદ્રિયોનો જય કર્યો નથી તે કૃપણ. જેની બુદ્ધિ કોઇ પદાર્થમાં કે ગુણમાં આસક્ત થતી નથી તે ઇશ્વિર (સમર્થ) કેહેવાય છે ઇંદ્રિયોની શકિતઓને તપ રૂપ અગ્નિમાં હોમવી તે યજ્ઞ કેહેવાય છે, કાંઇ અગ્નિમાં ઘીના ભડકા કરવાથી યજ્ઞ થતો નથી. જે જ્ઞાનનો ઉપદેશ આપે છે તેજ દક્ષિણા કેહેવાય છે, કાંઇ ધન વેહેચવાથી દક્ષિણા કેહેવાતી નથી. હે શિષ્ય! આ પ્રમાણે કહેલા ઉત્તર તું તારા રૂદય કમળમાં ધારણ કરી નિરંતર ધ્યાનમાં રાખજે કે જેથી તારા શરીર ઉપર રહેલા ચારિત્ર રૂપી કવચને કોઇ ભેદી શકશે નહી. આટલું કહી ગુરૂ મહારાજા વિરામ પામ્યા એટલે એ બાળ મુનિ ઘણા ખુશી થયા અને બંધ અને મોક્ષ જાણે તે પંડિત કેહેવાય તે વાત ધ્યાનમાં રાખી પોતે તેનું પાંડિત્ય મેળવવાને પ્રયત્ન કરવા લાગ્યા.

ભવ્યવાચક જનો આ બંધ અને મોક્ષના વિષય ઉપર જેટલું વિવેચન કરીએ તેટલું થોડું છે તથાપિ ટુંકમાં વર્ણવીને તે વિષય બંધ થાય છે તેનો સાર એટલોજ સમજવાનો છે કે જેનાથી જેમ જેમ બંધનમાંથી મુકત થવાય તેવા પ્રયત્નો કર્યા કરવા, આ જગતના પ્રપંચી સ્વરૂપને ઓળખી લેવું, કોઇપણ નાશવંત પદાર્થ ઉપર મમતા રાખવી નહી, મોહમાં ફસાવું નહી, મદ રાખવો નહી, અને કોઇની ઉપર ઇર્ષા કરવી નહી. વિચાર કરોકે આ સંસાર રૂપી રંગ ભૂમિ ઉપર તમે અનેક યોનિમાં અવતાર રૂપી વેશ લાવેલા હશો, સારા સારા વેષ ભજવીને તમે સુકૃત રૂપી ઇનામ મેળવ્યા હશે તેને લીધે આ આર્યક્ષેત્રમાં શ્રાવક કુળમાં સંસારની રંગભૂમિ પર આ તમને મનુષ્ય ભવનો વેષ મળ્યો છે તેને હવે તમે સારી રીતે ભજવી બતાવો, ગુરૂરૂપી સુત્રધારની પાસેથી જ્ઞાન રૂપી સંગીતની તાલમ મેળવો, કર્મ રૂપી પડદા દૂર કરી પ્રભુની પાસે ભકિતનો મજરો કરવા પ્રકાશમાં આવો અને હવે પ્રભુ પાસેથી મોક્ષ રૂપી મોટું ઇનામ મેળવી આ સંસારનું વિચિત્ર નાટક સમાપ્ત કરો એટલીજ અમારી સાનુનય પ્રાર્થના છે.

ન. દા. શાસ્ત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मधु बींदुनुं दृष्टांत.

કોઇ એક પુરૂષ દેશ વિદેશ પરિભ્રમણ કરતાં ચોરરૂપી જળ જંતુને પ્રવેશ કરવા મહા નદીની સમાન અટવીમાં સાર્થ સહિત આવી પહોંચ્યો સાર્થને લુંટવાને ચોર—વ્યાઘ્રો—દોડયા એટલે મૃગલાઓની માફક સર્વ સાર્થ નિવાસીઓ પલાયન કરી ગયા. સાર્થથી હીન થયેલા તે પુરૂષે મહા અટવીમાં પ્રવેશ કર્યો. ઉભરાઇ ગયેલા કુપના જળની જેમ તેના પ્રાણ કંઠ સુધી આવી ગયા હતા.

તેવામાં ક્રોધથી સાક્ષાત યમ જેવો કોઇ એક ઉન્મત્ત વન હસ્તિ કઇ દિશામાં જવું એ પ્રમાણે વિચાર કરતાં તે ગરીબ પુરૂશ તરફ દોડયો.

મદના ઝરણ વહેતા હતા તેથી જાણે ઉચ્ચતર ગિરિ હોયની અને આકાશ થકી વાદળાંઓ ખેંચવાને જાણે હસ્ત (સુંઢ) ઊંચી કરેલા હોયની એવો તે દેખાતો હતો. અંદરથી પોલી હોય તેમ પૃથ્વીને ચરણપાત વડે નમાવતો હતો. ધમેલા તામ્રના રંગ સરખું તેનું વદન હતું. મેઘના સરખી ઊર્જીત ગર્જના કરતો હતો. " જતો રહે જતો રહે, હું તને મારી નાંખીશ " એ પ્રમાણે જાણે પ્રેરણા કરતો હોયની એવો તે હસ્તિ સુંડમાંથી જળ—બિંદુઓનો તેના પૃષ્ટ ભાગ ઉપર વારંવાર આઘાત કરવા લાગ્યો.

કંદુકની માફક નીચે પડતો અને બીકથી પાછો ઉભો થતો પુરૂશ તૃણથી આચ્છાદિત થયેલા એક કુપ આગળ હસ્તિની લગભગ થઇ ગયો.

"હસ્તિ અવશ્ય જીવન હરણ કરશે માટે કુપમાં ઉતરૂં તો જીવી શકું" એ પ્રમાણે વિચાર કરી તેમાં ઝંપાપાત કર્યો! જીવન આશા દુસ્ત્યાજ્ય છે!

કૂપના તટ ઉપર વડ હતો, તેની એક લાંબી વડવાઈ ભુજંગની ફણાની માફક કૂપના મધ્ય ભાગમાં લટકતી હતી. આ વડવાઈ કૂપમાં પડતાં તેને પ્રાપ્ત થઇ; જેનું અવલંબન કરી રજ્જુથી બાંધેલ ગાગરની માફક પોતે લટકતો રહ્યો. હસ્તિએ કૂપમાં સુંઢ નાંખી અને મંદભાગ્ય ઔષધિ ગ્રહણ ન કરી શકે તેમ તેને મેળવી શકયો નહીં પરંતુ તેના મસ્તક ઉપર સ્પર્શ કરી રહ્યો! ભાગ્યથી વિવર્જિત પુરૂષે કૂપના અધોભાગમાં દ્રષ્ટિ નાંખી તો એક મોટો અજગર દીઠો. જાણે કાળીઓજ પડતો હોયની એવી બુદ્ધિથી તે પુરૂષને જોઇને અજગરે કૂપના અંતર ભાગમાં રહેલા અન્ય કુપની માફક પોતાનું મુખ વિકાસ્યું. પ્રાણ અપહરણ કરનારા યમરાજાના જાણે બાણ હો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યની તેવા ચાર સર્પો ચાર દિશામા દીઠા. ઉંચી કરેલી ફણો વાળા તે સર્પો ડંસ પ્રહાર કરવા દુષ્ટ ચિત્તવાળા થઈ યમની સરખા મુખવડે ફુંફાડા મારવા લાગ્યા. એક શ્વેત અને એક શ્યામ એવા બે મુષક દંતરૂપી કકચ વડે વડના અંકૂર છેદવાને ચટત્કાર શબ્દ કરવા લાગ્યા. મદોન્મત્ત મતંગજ તે પુરૂષને મેળવી શકાયો નહી તેથી વૃક્ષનું ઉન્મુલ કરતો હોયની તેમ વટ શાખા ઉપર આઘાત કરવા લાગ્યો. વડની લટકતી વડવાઇ સાથે દ્રઢ રહી હાથ અને પગના બંધનને 'વિસ્તાર તો' તે પુરૂષ જાણે બાહુ યુદ્ધ રચતો હોય તેવો દેખાતો હતો. હસ્તિથી હણાતી શાખાઓ ઉપરથી તીવ્ર મુખવાળી મધુ મક્ષિકાઓ મધુ મંડક તજી દઇ ઉડી; અને અસ્થિમાં વિશ્રામ પામેલા જીવનું આકર્ષણ કરવા જાણે તત્પર હોય તેવી લોહની સાણુસીના સરખી સૂંઢોવડે તેને દંશ પ્રહાર કરવા લાગી. મક્ષિકાઓએ ઉંચી પાંખો કરી તેનું સર્વ અંગ રૂંધી નાખ્યું તેથી કુપમાંથી નીકળવા ઉત્સુક થયેલા પોતે પાંખો ઉત્પન્ન કરી હોયની તેવો તે દેખાવા લાગ્યો.

વડ ઉપરના મધુકોશીમાંથી, વાર્ધનીમાંથી ગળતા વારિના બિંદુની માફક વારંવાર મધુબિંદુ તેના લલાટ ઉપર પડતું અને ત્યાંથી મુખમાં પ્રવેશ કરતું હતું. આ મધુબિંદુનો 'આ સ્વાદ' ચાખી તે પુરૂષ મહત્ સુખ માનતો હતો.

અહીંઆ ઉપનય એવો છે કે—જે પુરૂષ તે સંસારી જીવ સમજવો. અટવી તે સંસાર, હસ્તિ તે મૃત્યુ, કુપ તે મનુષ્યનો જન્મ, અજગર તે નર્ક, જે ચાર સર્પો તે ક્રોધ, માન, માયા અને લોભ સમજવા. વડવાઇ રૂપી આયુ, શ્વેત અને શ્યામ બે મુષક તે આયુ છેદવામાં પરાયણ શુકલ અને કૃષ્ણ પક્ષ સમજવા. મક્ષિકા રૂપી વ્યાધિ અને મધુબિંદુ તે વિષયિક સુખ સમજવું.

ઉપર પ્રમાણેનું દૃષ્ટાંત ઉપનય યુક્ત કહીને શ્રી જંબુસ્વામી પ્રભવ પ્રત્યે કહે છે કે હે પ્રભવ! આ દૃષ્ટાત પ્રમાણે સંસારી જીવને ભય અને દુઃખ આ સંસારમાં ભરેલા છે તો તેને વિષે સમજુ મનુષ્ય કેમ રંજન થાય? અપિતુ નજ થાય.

એ દૃષ્ટાંતમાં કથન કરેલ દૈવ દૂષિત પુરૂષને તે કુપમાંથી કોઈ દેવ અથવા વિદ્યાધર ઊદ્ધરે તો તે ઇચ્છા કરે કે નહીં? પ્રભવ કેહે છે કે વિપત્તિરૂપ સમુદ્રમાં બુડી ગયેલો તે પુરૂષ જહાજ સદૃશ એવા ઉપકારમાં તત્પર દેવ અથવા વિદ્યાધરને કેમ ન ઇચ્છે? ઇચ્છેજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમ્બુ સ્વામી કહે છે કે ત્યારે હવે આ પારાવાર ભવસમુદ્રમાં સુધર્મ સ્વામી ગણધર સરખા તારક છતાં હું શા માટે બુડું? નજ બુડું.

ઉપરના દૃષ્ટાંતમાંથી બેસુમાર સાર ગ્રહણ કરવાનો છે. આ સંસારમાં અણધાર્યો મૃત્યુનો ભય અને આયુષ્યના દરમ્યાનમાં પણ અનેક પ્રકારનાદુ:ખ ભરેલાં છે છતાં મોહના આચ્છાદનથી પ્રાણી તે દુ:ખને જાણતો નથી અને ઉત્તમ ઉપદેશ દઈને એવા દુ:ખકારક સંસારમાંથી ઊદ્ધાર કરનાર ગુરૂ મહારાજાનો યોગ મળ્યા છતાં ભવની ભ્રમણતામાંથી છુટવાને ઇચ્છા પણ કરતો નથી એ પ્રાણી કેવો મુર્ખ ગણાય? માટે જ્ઞાનાંજનવડે મોહ પટલનું નિવારણ કરી વિનાશી વસ્તુઓમાંથી મારા પણાનો ત્યાગ કરી અવિનાશી સુખના વાંચ્છક થઈ નિ:સ્વાર્થ બંધુ ગુરૂ મહારાજાનો ઉપદેશ હૃદયમાં ધારણ કરવો અને યથાશક્તિ ધર્મ સાધનમાં તત્પર થવું. સાંસારીક કાર્ય જેમાં કે અનેક પ્રકારનો કર્મબંધ છે તેમાં રાચવું નહીં, ઊદાસી ન ભાવ રાખવો. દિનપર દિન વિશેષ પ્રકારે ધર્મ સાધન બને તેવો પ્રયત્ન કરવો જેથી અનુક્રમે વાંચ્છિત સુખની પ્રાપ્તિ થશે. તથાસ્તુ.

# चर्चापत्र.

## જૈનધર્મ પ્રકાશના અધિપતિ સાહેબ.

નીચેની બીના આપના માનવંતા માસીકમાં પ્રગટ કરશો.

હું એક વખત દીવાળીના આનંદમયી દિવસમાં મારા બે ત્રણ મિત્રો સાથે મારા શેઠની દુકાને બેસી આપના જૈનધર્મ પ્રકાશ ચોપાનીયામાંથી "પાલીતાણા જૈનશાસ્ત્ર પાઠશાળા" નો વિષય વાંચી તે વિશે મારા મિત્રોમાં ચર્ચા ચલાવતો હતો ક આવા મહોટા પાયા ઉપર પાઠશાળા સ્થાપન થવાથી આપણા જૈનધર્મના અપૂર્વ ગ્રંથો જે અંધારામાં પડયા છે તે અજવાળામાં આવશે અને જૈન કોમમાં જ્ઞાનનો અત્યંત ફેલાવો થશે. ઉત્તરોત્તર આ શુભ કાર્યથી જૈનકોમની અત્યંત ચડતી થશે. આ મારા બોલવામાં વધારો કરી એક મિત્ર બોલ્યો જે તેમાં શ્રાવકો પણ કેટલાક દાખલ થયા છે. તે સાંભલી બીજો મિત્ર દીલગીરી સાથે બોલ્યો જે તે તો પાલીતાણાના રહીશ અને અભ્યાસ ઉપર ઓછી હોંશ ધરાવનાર દાખલ થયા છે. પરંતુ પરદેશના શ્રાવકો જેઓને અભ્યાસ કરવા ઉપર અત્યંત ખંત હોય તેવા કોઇ દાખલ થયા નથી. તોપણ મુની મહારાજાઓમાં કેટલાક અભ્યાસ કરવામાં અત્યંત ખંતીલા મુનિઓ દાખલ થયા છે અને ચોમાસું ઉતરી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીહાર કરવાની છુટ થયા પછી કેટલાક મુની મહારાજાઓ દાખલ થશે તે આગળ ઉપર ઘણા લાભકારક નીવડશે એવી આશા રખાય છે. એ પ્રમાણે મારા મિત્રોમાં "જૈનશાસ્ત્ર પાઠશાળા" નું સ્થાપન થયા બાબત પ્રસંશા ચાલી રહી હતી. એવા વખતમાં અચાનક મારા એક મિત્રે આવી પોતાના ઉપર આવેલો એક પત્ર મને વાંચવા આપ્યો.

આ અપૂર્વ પત્ર વાંચતાંજ મારા તાજા વિચારો બદલાયા! જૈન કોમની તુરત ચડતી થવાનું ધારવામાં ભૂલ માલમ પડી. જૈનોત્કર્ષ થવાની વાત હજુ દુર છે એમ માલમ પડયું પત્રના કરૂણા જનક શબ્દો વાંચી હૃદય પીંગળ્યું!! અધિપતિ સાહેબ! આ પત્ર એક જ્ઞાનના અભ્યાસ ઉપર અત્યંત ખંત ધરાવનાર જૈનબંધુનો લખેલો હતો. તે પત્રનું "જીવીતદાન આપો" આ એક વાકય વાંચતાંજ કોના હૃદયમાં કરૂણા ન ઉત્પન્ન થાય? અરે, મારાં હૃદય અને ચક્ષુ તો કરૂણારસથી ભરાઈ ગયાં? પત્ર લખનારને હું ધન્યવાદ આપું છું જે પોતાની જ્ઞાતીની લજ્જાળુ મર્યાદાની હદ પણ ન ગણતાં પોતે પોતાની જેવી હતી તેવીજ નીર્ધન હાલત બતાવી જૈનશાસ્ત્ર પાઠશાળામાં અભ્યાસ કરવા માટે મદદ માગે છે.

બીજી કોમ કરતાં આપણી કોમ એટલા માટેજ દુઃખી છે કે બીજી કોમની જેમ આપણી કોમના શ્રીમતો અનાશ્રીત સ્વધર્મિઓને આશ્રય આપતા નથી. આપણી માનવંતી 'જૈન એસોસીએશન ઓફ ઈંડીયા' એ એક અનાશ્રીત ફંડ ઉભું કરી તેમાં બહોળી રકમ ભેળી કરી છે એમ સાંભળ્યું હતું પણ તે રકમનું શું થયું તેની કાંઇ માલમ પડી નથી. અધિપતિસાહેબ! આપના અભિપ્રાય પ્રમાણે જો 'જૈનકોનગ્રેસ' ભરાય તો અમારી આ નાનકડી વિનંતિ કૃપા કરી શ્રીમંત ગૃહસ્થોને વિદિત કરજો કે "અનાશ્રીત જૈન બંધુઓને આશ્રય આપે" આપણું અને આપણી કોમનું ભલું એમાંજ સમાયલું સમજજો! જૈનોત્કર્ષ એથીજ થશે!

આપણી કોમના બહોળા શ્રીમંતો તો મોજશોખમાં કે પોતાના ધંધામાં પડી ધર્મને ભૂલી જાય છે, સ્વધર્મી બંધુઓ ઉપર પ્રેમ રાખતા નથી. દીન અને રાંક સ્વધર્મિ બંધુઓને આશ્રય આપતા નથી ત્યાંસુધી જૈન કોમની ચડતી મને દૂર ભાસે છે.

ઉપર જણાવેલ પત્ર લખનાર જેવા તો જ્ઞાનાભ્યાસ ઉપર ખંત ધરાવનાર ઘણા હશે, પરંતુ ઉપજીવીકાના દુઃખી બિચારા શી રીતે અભ્યાસ કરી શકે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી જૈન કોમમાં ઉદાર દીલના ગૃહસ્થો ઘણા છે. બીજી કોમ કરતાં આપણી કોમ પૈસે કે પદ્ધીએ કાંઇ ઉતરતી નથી. તેમ શ્રીમંત ગૃહસ્થોમાં સખાવત બહાદુર પણ ઘણા છે. જો તેઓ ધારે તો અન્ય સર્વ કોમ કરતાં જૈન કોમને ચડતીના શીખર ઉપર લાવી મુકે પરંતુ તેઓ પોતાના ધર્મ અને પોતાની કોમના હિતને માટે ઓછું લક્ષ આપતા જણાય છે. 'ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટો' એ કહેવત પ્રમાણે આપણા શ્રીમંત ગૃહસ્થો ઉદારતા બતાવી 'વર્નાક્યુલર સોસાઇટી' વિગેરેમાં પાંચશેં કે હજાર રૂપિયાની રકમ આપી કીર્તિના લોભી થાય છે તેમ જો હાલના ઉમેદવાર શાસ્ત્રાભ્યાસ કરનાર જૈન બંધુઓને સ્કોલરશીપ અથવા ગમે તેવી રીતે મદદ કરે તો કેટલો લાભ થાય અને પુન્ય પણ કેટલું બંધાય? તે વિવેકી જનો વિચારી જોશો. ગૃહસ્થો? નાચરંગ મોજશોખ વિવાહ વરા વિગેરેનો ખર્ચ ઓછો કરી બચાવેલા પૈસાજ માત્ર આવાં પુન્ય કામમાં ખર્ચો તો પણ કલ્યાણ થાય!!

આપણી કોમમાં શ્રીમંત અને ઉદાર ગૃહસ્થો ઘણાં હોવાં છતાં પણ તેઓનો મોહોટો ભાગ અજ્ઞાનતાથી અલ્પ વિચારવાલો છે. આપણામાં પૈસા ખરચવાના ઘણા રસ્તા છે. સર્વોત્તમ રસ્તો જ્ઞાન વૃદ્ધિ કરવાનો છે. જ્ઞાન વૃદ્ધિ એટલે પુસ્તકો એકઠાં કરી તેની માત્ર પુજાજ કરવી એમ નહી પણ જ્ઞાનનો ફેલાવો કરવો. અભ્યાસ કરનારને મદદ કરવી, જ્ઞાનાભ્યાસના સાધનો મેળવી આપવા, જ્ઞાનાભ્યાસ ખંતથી કરવો અને કરાવવો એજ શ્રેયસ્કર છે. અને આપણા ગૃહસ્થો એ વાતમાં તદ્દન પછાત છે.

પ્રતિમાઓની વિશેષ વૃદ્ધિ થતાં પૂરતી સંભાળ ન રહે ને આશાતના થાય તેથી પ્રતિમાઓના બહોળા વિસ્તારની જરૂર નહી છતાં પ્રતિમાઓ સ્થાપન કરવામાં અને એક બીજાની સ્પર્ધા કરી ઘી બોલવા વિગેરે કામોમાં આપણા ગૃહસ્થો હજારો રૂપિયા ખરચે છે પરંતુ અપૂર્વ જૈન શાસ્ત્રના ફેલાવાનો કે અનાશ્રીત જૈન બંધુઓનો ઉદ્ધાર કરવાનો વિચાર તો તેઓના દીલમાં આવતોજ નથી. માન અને કીર્તિના લોભને છોડી દેઇ આત્મહિતનો વિચાર કરી, વિવેકથી દ્રવ્યને વાવવું જોઈએ કે જેથી કલ્પવૃક્ષના અપુર્વ ફળ ચાખવાનો સમય પાસે આવે. સુજ્ઞ શ્રીમંત ગૃહસ્થોએ વિચારવું જોઇએ કે આપણું હિત કેવી રીતે થાય? દ્રવ્ય ખર્ચવાનો સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વોત્તમ રસ્તો કયો ? અને તેઓએ જાણવું જોઇએ કે જ્ઞાન ભણવા ભણાવવા-થી કેટલો લાભ થાય અને કેટલો સુધારો થાય ! હું બેશક કહી શકું છું કે તન મન અને ધનથી ધર્મનો ઉદય ઇચ્છનાર જૈન બંધુઓ જો આ મારી વિનંતી ઉપર લક્ષ આપે તો જૈન કોમ ઉદયના શીખરની ટોચ ઉપર આ-વીને બેસે ! !

શ્રીમંત ગૃહસ્થો ! જાગૃત થાઓ ! જાગૃત થાઓ ! અને પોતાનું હિત ત-પાસો. દીન જૈનબંધુઓનો ઉદ્ધાર કરો. અનાશ્રીતને આશ્રય આપો. એજ જૈન કોમની ચડતી થવાનો મૂળ પાયો છે. સ્વધર્મિ બંધુઓને દીન હાલતમાં દે-ખી તમને શું શરમ નથી આવતી ? શું તમને દયા પણ નથી આવતી? શું જૈન કોમને સુખી હાલતમાં જોવા તમે નથી ઇચ્છતા ! અને ઇચ્છોછો તો શા માટે સુસ્ત થઇ બેઠા છો ? કલકત્તા અને મુર્શીદાબાદના માનવંતા બાબુ સાહેબો ! મુંબાઇના ધનાઢયો ! અમદાવાદ વીશનગર પાટણ ભાવનગર ખં-ભાત વિગેરેના શ્રીમંત ગૃહસ્થો ! આ મારી નમ્ર વીનંતી ઉપર સંપૂર્ણ લક્ષ આપી હાલમાં થયેલી જૈન શાસ્ત્ર પાઠશાળામાં આવી પાલીટાણામાં અભ્યાસ કરવા ઇચ્છિનારા નીર્ધન જૈન બંધુઓને અપૂર્વ શાસ્ત્રના અભ્યાસ કરવામાં જેમ બને તેમ ત્વરાથી આશ્રય આપો. અધિપતિ સાહેબ! આપ જ્ઞાનની અત્યંત વૃદ્ધિ ચાહોછો, તેમાં બનતો પ્રયાસ કરો છો તેથી આ મારૂં લખાણ આપ સાહેબને અવસ્ય રૂચશે એમ ધારૂં છું તો શ્રીમંત ગૃહસ્થોના હૃદયમાં આ વાત ચોકસ અને સજ્જડ ઊતરે એવો ઊત્તમ અભિપ્રાય આપશો. જેથી શાસ્ત્રો-નો અભ્યાસ કરવામાં જૈન બંધુઓને ઊત્તેજન મળે અને અભ્યાસ કરી નર રત્નો ઝળકી નીકળે—તથાસ્તુ

ચરચાપત્રનો વિષય કેટલેક દરજ્જે યુક્ત છે કારણ કે જીનેશ્વર, જી-નેશ્વરની પ્રતિમા અને જીનેશ્વરનો કહેલો માર્ગ એ સર્વેને ઓળખવાનું મુખ્ય સાધન જ્ઞાન છે. શ્રાવકો પોતાની ઉપજમાંથી ધર્મ માર્ગે સારી રીતે દ્રવ્ય ખરચે છે અને તેમ થવુંજ જોઇએ તોપણ સૌ એક માર્ગે દોર્યા જાય છે તે મન કરતા કોઇ વિશેષ લક્ષ આપવા જેવી બાબત ઉપર વિશેષ લક્ષ આ-પવું જોઇએ. જ્ઞાનને માટે દ્રવ્ય ખર્ચવાનું વિશેષ રાખવું જોઇએ. તેને બદલે હાલમાં આપણા લોકોનું ધ્યાન તે ઉપર ઓછું છે માટે તેમ ન થતાં સર્વે સદ્ગૃહસ્થોએ જ્ઞાન વૃદ્ધિ, જ્ઞાન ભણનારાઓને ઉત્તેજન અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તક લખવાની બાબતમાં પોતાનું દ્રવ્ય ખર્ચવાને વિશેષ ઉત્કંઠા રાખવી. એજ આ ચરચાપત્રનો હેતુ છે અને તે સત્ય છે. તંત્રી.

ધોલેરા. }
કાર્તિકશુદી ૨ }

લી. સેવક.
ઝ. ડા. શાહ.

# વર્ત્તમાન સમાચાર.

**ભાવનગરમાં ઊત્સવ**—શ્રી ભાવનગરમાં શ્રીમન્મુનિરાજ મહારાજ શ્રી વૃદ્ધિચંદજીના સદુપદેશવડે શ્રાવક સમુદાયના અંતઃકરણ નિરંતર ધર્મ કાર્યની સન્મુખ રહ્યા કરે છે. હાલમાં વોરા. જસરાજ સુરચંદ તરફથી ઊજમણું અને અષ્ટાપદ તીર્થની રચનાનો મહોચ્છવ થયો છે. માગશર સુદ ૪ થે ઊજમણાના છોડનો વરઘોડો ચડયો હતો. સુદ ૬ ઠે શ્રી અષ્ટાપદજીની રચનામાં પ્રભુ પધરાવ્યા હતા અને છોડ બંધાયા હતા. બપોરથી અઠ્ઠાઇ મહોચ્છવ શરૂ થયો હતો. છોડ ૫૫ થયા છે. તેમાં તેમના પોતાના છોડ ૧૧ અને બાકીના પરભાર્યા શ્રાવક ભાઇયોના છે. તેમના છોડ માંહેનો મધ્ય છોડ તથા બીજાઓમાં વાગડીઆ ગુલાબચંદ અમરજીનો છોડ એ બે છોડ બહુજ શોભીતા અને કિંમતી છે. અંદર ઉપકરણો પણ સુંદર છે. જ્ઞાન દર્શન અને ચારિત્રના આરાધનને માટે ઊજમણું એક પ્રબળ સાધન છે. સદરહુ મહોચ્છવનો મુખ્ય જળયાત્રાનો વરઘોડો શુદ ૧૦ મે ચડયો હતો. રાજ્યની મદદ બહુ પ્રશંસાપાત્ર હોવાથી વરઘોડાની શોભા સારી આવી હતી. શુદ ૧૧ શે વાગડીઆ ગુલાબચંદ અમરજી તરફથી સદરહુ મંડપમાંજ અષ્ટોત્તરી સ્નાત્ર ભણાયું હતું. એકંદર રીતે જોતાં મંડપની રચના સરસ થઇ હતી. દેશી પરદેશી માણસ સારૂં એકઠું થયું હતું અને શાસનોન્નતી પણ ઠીક થઇ છે. નવકારશી એક તેમના પોતાના તરફથી અને બીજી તેમના કુટુંબીઓની તરફથી એમ બે જમી છે. દિનપર દિન આવા ઉત્તમ મહોચ્છવ વિશેષ પ્રકારે કરવાની અમારી જૈનબંધુઓને પ્રાર્થના છે.

**શ્રી સિદ્ધાચળજીના છરીપાળતા સંઘ**—શ્રી ભાવનગરથી માગશર શુદ ૧૩ શે શા. આણંદજી પુરૂશોત્તમે શ્રી સિદ્ધાચળજીનો છરીપાળતો સંઘ કાડયો હતો. સાથે મુનીરાજના ઠાણા ૭ તથા સાધવીના ઠાણા ૩ હતા. છેવટના મુકામ સુધી માણસ ૫૦૦ થી ૬૦૦ થયું હતું રસ્તામાં શ્રી શીહોરમાં તેમણે નવકારશી કરી હતી. પાલીતાણે જઇને વદ ૨ જે મોતીશા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠની ટુંકમાં તેમણે લીધેલી એક દેરીમાં તેમણે પ્રતિષ્ટા કરી છે અને નવકશી જમાડી છે. સંઘની શોભા સારી આવી છે. આવા કાર્ય અનુમોદન યોગ્યછે.

• શ્રી અમદાવાદથી વકીલ મગનલાલ સરૂપચંદની છરીપાળતો સંઘ કાઢનાર છે. વદ ૨ નું મુહુર્ત્ત છે એમાં પણ શ્રી બટેરાયજી મહારાજના સંઘાડામાંથી મુનિરાજ શ્રી ગંભીર વિજયજી વગેરે આવનાર હોવાથી સાધુ સાધવીનો સમુદાય સારો નીકળવા સંભવ છે. સંઘ કાઢનારનો ઊત્સાહ બહુ વિશેષ પ્રકારનો છે.

શ્રી સુરતથી ઝવેરી. ધર્મચંદ ઉમેદચંદ છરીપાળતો સંઘ કાઢનાર છે. વદ ૫ નું મુહુર્ત છે. એમાં પણ સાથે મુનીરાજ શ્રી મોહનલાલજી વિગેરે આવનાર છે આ સંઘ કાઢનારનો ઊત્સાહ પણ બહુ વિશેષ સંભળાય છે. તેમની મન વાંચના સફળ થાઓ ! તથાસ્તુ.

## પાલીતાણાની ધર્મશાળાઓ.

શત્રુંજય તીર્થ એ સર્વ તીર્થમાં ઊત્તમ તીર્થ છે અને તેથી દરવર્ષે ઘણા યાત્રાળુઓ ત્યાં યાત્રા કરવાને આવે છે. યાત્રા કરવા આવનારાઓને ઊતરવા વગેરેની સગવડને માટે ભાગ્યશાળી ગૃહસ્થોએ એ તીર્થની તળેટીએ આવેલા પાળીતાણા ગામમાં મ્હોટી મ્હોટી ધર્મશાળાઓ બંધાવેલી છે. આમાંની કેટલીએક ધર્મશાળાઓ આણંદજી કલ્યાણજીને સ્વાધીન છે અને કેટલીએક મ્હોટી ધર્મશાળાઓ બંધાવનાર તરફથી વહીવટ કરનારને સ્વાધીન છે. ધર્મશાળાની દેખરેખ રાખવાને તેઓ તરફથી માણસો રાખેલા છે. હાલમાં આ દેખરેખ રાખનારાઓની કેટલીક વિપરીત વાત સંભળાય છે. ગઈ કાર્ત્તકીએ ઝાઝા યાત્રાળુ નહોતા તોપણ ઘણા યાત્રાળુને ઊતારાને માટે બહુજ રખડવું પડતું. એવું કહેવાય છે કે દેખરેખ રાખનારાઓ ઊતરનાર પાસેથી કાંઇક લવાજમ લે છે અને જે આપે છે તેઓનેજ એઓ ઊતરવા દે છે. આમ હોવાથી અજાણ્યા અને ગરીબ યાત્રાળુને બહુ રખડવું પડે છે. આ વાત યુક્ત નથી. ધર્મશાળાના ઉપરીઓએ આ વાત ધ્યાનમાં લઈ માણસો તરફથી એમ ન બને અને જે યાત્રાળુઓ પહેલા આવે તે પહેલા ઊતરે એવો બંદોબસ્ત કરવો જોઇએ. એમ થાય ત્યારેજ બંધાવનાર ગૃહસ્થોનો ખરો હેતુ સચવાય અને ઉપરીઓએ પોતાની ફરજ બજાવી ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મુંબઈના ગ્રાહકોને વિજ્ઞપ્તિ.

આપ સાહેબોની પાસે લવાજમની ઊઘરાણી કરવાને અમારે ત્રવાડી કેશવજી વાલજીને તમારી તરફ મોકલવા પડયા છે માટે તેમને ખોટી ન કરતાં એક ફેરે સૌ સદ્ગ્રહસ્થોએ લવાજમ આપી દેવું. જ્ઞાન ખાતાનો પગાર અને ખર્ચ ચડે છે, લવાજમ વહેલું અથવા મોડું દેવું છે તો જલદી આપી દેવું એ આપ સજ્જનોને યુક્ત છે.

## ચરિતાવળી.

જેમાં રસીક અને બોધ દાયક પંદર ઉત્તમ પુરૂષોની કથાઓ સંસ્કૃત ઉપરથી ભાષાંતર કરીને નાંખેલી છે. જૈન વર્ગમાં ગુજરાતી ભાષામાં છપાયેલી આવી એક પણ ચોપડી નથી. જેઓએ એ ચોપડી વાંચી છે તેણે તેની સારી રીતે પ્રશંસા કરેલી છે. વાંચતા આનંદ ઉપજવા સાથે ઉત્તમ પ્રકારનો બોધ થાય તેવી રીતે એ લખાયેલી છે. પૃષ્ટ ૩૫૦ છે કીંમત સોનેરી અક્ષરે નામવાળીના રૂ ૧ા≈ સાદીનો રૂ ૧ા ટપાલ ખર્ચ ૦)≈

## જૈનકથા રત્નકોષ ભા. ૭ મો.

જેમાં પૃથ્વીચંદ ગુણચંદ્રનું ચરીત્ર સમાયેલું છે. તે શુદ્ધ શાસ્ત્રી અક્ષરમાં છપાઈને બહાર પડી ચુકયો છે આ ચરીત્ર ઘણુંજ રસીક અને બોધ દાયક છે કીં. રૂ ૩ ) પોસ્ટેજ રૂ. ૦ા—ા

## પાંચ પ્રતિક્રમણ ગુજરાતી.

મુંબઇના છાપાની તૈયાર છે. બીજી હલકી ચોપડીઓ ઘણી મળે છે પણ આવી શુદ્ધ અને સારા અક્ષરમાં છપાયેલી એક પણ નથી કીં. રૂ ૦ાા≈ જૈન શાળાને માટે રૂ. ૦ાા ટપાલ ખર્ચ ૦)—ા

### લવાજમ તાકીદે મોકલવું.

## લવાજમની પહોંચ.

| | |
|---|---|
| ૧—૩ શેઠ. વાલજી કુંવરજી. | ૧—૩ વોરા. મગન માવજી. |
| ૧—૩ શા. વનરાવન જુઠા. | ૧—૩ શા. લશકર સુરચંદ. |
| ૧—૩ શા. માણેકચંદ સુંદરજી. | ૧—૩ શા. ફુલચંદ તારાચંદ. |
| ૧—૩ શા. ખેતશી નરશંગ. | ૨—૬ શા. જીવરાજ હેમચંદ. |
| ૧—૦ વકીલ. ડાયાભાઇ હકમચંદ. | ૧—૩ શા. જ્ઞાનચંદ નાનચંદ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩—૯ દોશી. ધરમશી લીલાધર.
૧—૩ શેઠ. દેવકરણ ઝવેરચંદ.
૧—૩ શા. ડાયાભાઈ કરમચંદ.
૧—૩ શા. ચતુર ગોકળ.
૧—૩ શા. સવચંદ લાલચંદ.
૧—૩ શા. મગનભાઇ ગુલાબચંદ.
૧—૩ શા. લલુભાઇ નાગરદાસ.
૨—૭ શા. પરમાણંદદાસ મુળચંદ.
૧—૦ વાગડીઆ ગુલાબચંદ અમરજી
૩—૧ શેઠ. દીપચંદ માણેકચંદ.
૨—૬ દોશી. કાળીદાસ કેશવજી.
૧—૩ શા. હીરાચંદ કલાણજી.
૩—૯ શા. ભીમા કલાણ.
૧—૦ શા. ગંભીર શામજી.
૧—૩ શા. રામચંદ દુલાચંદ.
૨—૮ શા. દેવજી નાગશી.
૨—૬ શેઠ. સારાભાઈ મગનભાઈ
કરમચંદ.
૨—૬ ઝવેરી. હરજીવન મગનચંદ.
૨—૬ શા. રાંમદાસ હરજીવન.
૨—૭ રા. રા. પોપટભાઈ જેશગ.
૧—૩ સંઘવી સુંદરજી ઓધવજી.
૧—૩ શા. ગોવીંદ નથુજી.
૦—૧ શા. વીરચંદ કૃષ્ણાજી.
૧—૩ શા. મોકમચંદ અમીચંદ.
૨—૬ શા. નાગરદાસ ખીમચંદ.
૧—૩ શા. હરજીવન ખીમચંદ.
૧—૩ વકીલ મગનલાલ સરૂપચંદ.
૨—૬ માસ્તર. મોતીલાલ ચુનીલાલ
૧—૧ શા. બકોર ચલભજ.
૧—૩ શા. હરજીવન લવજી.
૩—૧૧ શા. વાડીલાલ પુનમચંદ.
૧—૩ ભાઈ ચુનીલાલ વીરચંદ.
૧—૩ શા. જગાભાઈ છોટાભાઇ.
૧—૪ શા. હીરાચંદ વસનજી.
૧—૩ શા. તલકશી કરમચંદ.
૨—૭ શા. વીરચંદ રાઘવજી.
૨—૬ લાલાજયદયા લલથુમલ.
૧—૩ ડાક્તર છગનલાલ ધીરજરામ
૧—૩ મારવાડી હીરાચંદ હરચંદ.

૧—૩ ઝવેરી. વીરચંદ ધરમચંદ.
૩—૧૨ વકીલ રાયચંદ ગકનદાસ.
૧—૧૪ શા. ગુણચંદ અનોપચંદ.
૧—૩ શા. હીરાચંદ નાનચંદ.
૩—૯ શા. અમીચંદ ઈછાચંદ.
૨—૬ શા. અનુપચંદ સુબાચંદ.
૧—૪ શા. સરૂપચંદ ધરમચંદ.
૧—૧૩ શા. લખમીચંદ [illegible]તમચંદ.
૧—૪ મેતા. હેમચંદ ગુલાબચંદ.
૨—૭ શા. અવચળ દયાળજી.
૨—૬ શેઠ. દેવચંદ જેઠા.
૧—૩ શા. ઓતમચંદ કરશનજી.
૦—૯ શા. ખુશાલચંદ માણેકચંદ.
૧—૪ શા. રતનજી પ્રેમચંદ.
૧—૩ શા. દલપત વ્રજલાલ.
૦—૨ દોશી. પોપટ ડોસા.
૧—૮ શા. અમથા દયાળજી.
૨—૬ શા. ગોપાળદાસ ચીંતામણદાસ
૪—૧૨ શા નાનચંદ કીકાશા.
૨—૬ પરી. કરમચંદ વીરચંદ.
૧—૩ પરી. બાલાભાઈ દલસુખરામ
૧—૩ પરી. શંકરલાલ વીરચંદ.
૩—૯ શા. ફતેચંદ રામચંદ.
૪—૧૨ શેઠ નીયાલચંદ નથુભાઈ.
૨—૧૪ શા. શામજી નંથુ.
૧—૩ શા. લાલચંદ ડાયા.
૨—૩ શા. છગનલાલ સુંદરજી.
૧—૩ શા. અમરચંદ કેશવજી.
૧—૩ ગુરજી મોતીચંદજી કુશળચંદજી
૧—૪ વોરા સવાઇચંદ તારાચંદ.
૨—૬ શા. બાલાભાઈ મગનલાલ.
૧—૩ શા. સાકરચંદ હરખચંદ.
૧—૩ શા. માણેકચંદ બકુભાઇ.
૧—૩ શા. વનમાળી ઝવેર.
૧—૩ શા. નગીનદાસ જેઠાશા.
૧—૩ પટવા દેવચંદ ખીમચંદ.
૧—૩ સેઠ ઘેલા વરધમાન.
૨—૬ શા. પરશોતમ ચાંપસી.
૧—૩ શેઠ. સોમચંદ પાનાચંદ.

For Private And Personal Use Only